

# એક દુનિયા 9/11 પહેલાંની એક દુનિયા 9/11 પછીની!!

**એ કાળો દિવસ જેણે આપણી આખી જીવનશૈલી અને સુરક્ષાનો નકશો જ બદલી નાખ્યો! દુનિયાની સોચને બદલી નાખનારા માનવજાત પર એ ભયાનક હુમલાના 25 વર્ષ!**

**વિકલ્પ**

★ દીપક આશર

અ ત્યારે તમે અમદાવાદ કે મુંબઇ જેવા કોઇ મોટા શહેરના એરપોર્ટ પર જાવ, એટલે ટર્મિનલમાં પગ મૂકતાં જ એક અલગ પ્રકારનો સિક્યોરિટી માહોલ જોવા મળે છે. લાંબી લાઇનોમાં ઊભા રહેવાનું, ખિસ્સામાંથી પાકીટ, મોબાઈલ અને સિક્કા કાઢીને પ્લાસ્ટિકની ટ્રેમાં મૂકવાના, કમરનો પટ્ટો છોડવાનો, ઘડિયાળ ઉતારવાની, બૂટ-ચંપલ કાઢવાના અને સિક્યુરિટી સ્ટાફ આપણને માથાથી પગ સુધી મેટલ ડિટેક્ટરથી તપાસે! પાણીની બોટલ પણ સાથે ન લઈ જવાય અને નાની કાતર કે નેઈલકટર હોય તોય જપ્ત થઇ જાય. આ બધું જોઈને ઘડીક તો મનમાં થાય કે, 'અલ્યા ભા, આટલી બધી કડાકૂટ અને રામાયણ કેમ?'

પણ આ બધી ઝંઝટ અને કડક નિયમો કાંઇ અમથા-અમથા નથી આવ્યા. આની પાછળ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧નો એ કાળો દિવસ જવાબદાર છે, જ્યારે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ભવ્ય ટ્વિન ટાવરો સાથે આતંકવાદીઓએ હાઈજેક કરેલાં વિમાનો અથડાવીને હજારો નિર્દોષ લોકોનો ભોગ લીધો હતો. આ ભયાનક હુમલાને આજે 25 વર્ષ પૂરાં થઈ રહ્યા છે. 11 સપ્ટેમ્બરના એ હુમલા પછી માત્ર હવાઈ સફર જ નહીં, પણ આખી દુનિયાનો મિજાજ, કાયદાઓ અને આપણી રોજિંદી જીવનશૈલી બદલાઈ ગયાં છે. સાચે જ, એવું કહેવાય છે કે 'એક દુનિયા 9/11 પહેલાંની હતી અને હવે એક દુનિયા 9/11 પછીની છે.'

9/11 પછી માત્ર એરપોર્ટ જ નહીં, પરંતુ આપણી આસપાસની દરેક નાની-મોટી સુરક્ષા વ્યવસ્થા કેવી રીતે કાયમ માટે બદલાઈ ગઈ. 9/11 પહેલાં એરપોર્ટ પર જવું એ કોઈ સામાન્ય બસ સ્ટેન્ડે જવા જેવું સહજ હતું. મુસાફરોને મૂકવા આવતા પરિવારના સભ્યો બોર્ડિંગ ગેટ સુધી સાથે જઈ શકતા. ખિસ્સામાં નાની છરી, બોક્સ કટર કે નેઈલકટર હોય તો કોઈ અટકાવતું નહીં.

હુમલા પછી આખી ચિત્ર બદલાઈ ગયું! નાની નાની વસ્તુઓ પર પ્રતિબંધ આવી ગયો. બોક્સ કટર, નાની કાતર અને 100 MLથી વધુ લિક્વિડ (જેમ કે પાણીની બોટલ કે પરફ્યુમ) વિમાનની કેબિનમાં લઈ જવા પર સંપૂર્ણ મનાઈ આવી ગઈ. એટલું જ નહીં, 'શૂ બોમ્બર'ની ઘટના પછી બૂટ-ચંપલ અને પટ્ટા પણ એક્સ-રે મશીનમાંથી પસાર કરવા ફરજિયાત બન્યા છે. લેપટોપ અને પાવરબેંક જેવાં સાધનો અલગ ટ્રેમાં મૂકવાનો નિયમ આવ્યો છે. વિમાનના પાઈલટની કેબિન (કૂકપીટ)ના દરવાજા બુલેટપ્રૂફ અને અંદરથી જ લોક થાય તેવા બનાવી દેવાયા છે. હવે ફ્લાઈટ દરમિયાન કોઈ મુસાફર પાઈલટને મળી શકતો નથી.

બીજી તરફ, 9/11 પહેલાં વ્યક્તિગત પ્રાઈવસી (ખાનગીપણું)ને લઈને લોકો ખૂબ જ સંવેદનશીલ હતા, પરંતુ આ હુમલા પછી સરકારી એજન્સીઓને આતંકવાદ રોકવાના નામે અભૂતપૂર્વ અધિકારો મળ્યા છે. અમેરિકામાં 'પેટ્રિઅટ એક્ટ' લાગુ થયો, જેણે સરકારને નાગરિકોના ફોન કોલ્સ, ઈમેઈલ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર નજર રાખવાની સત્તા આપી છે. દુનિયાભરની બેંકો અને ઈન્ટરનેટ કંપનીઓ માટે શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ કે સંદેશાઓની માહિતી ગુપ્તચર એજન્સીઓ સાથે શેર કરવી ફરજિયાત બની ગઈ છે. આપણે ડિજિટલ દુનિયામાં શું કરીએ છીએ તેના પર સતત CCTV અને IT સર્વેલન્સની નજર રહેવા લાગી છે.

9/11 પહેલાં શોપિંગ મોલ, સિનેમા હોલ, પાંચસિતારા હોટેલ્સ, રેલવે સ્ટેશન કે સરકારી ઓફિસોમાં લોકો સીધા ઘૂસી શકતા હતા. આજના જેવા મેટલ ડિટેક્ટર ગેટ કે બેગ સ્કેનર ક્યાંય જોવા મળતા નહોતા. આજે કોઈ પણ મોલ, થિયેટર કે હોટેલમાં પ્રવેશતાં જ દરવાજે મેટલ ડિટેક્ટર ગેટ અને સિક્યુરિટી ગાર્ડની હેન્ડ-લ્ડ સ્કેનરથી તપાસનો સામનો કરવો પડે છે. 9/11 પછી જાહેર સ્થળો પર લાખો CCTV કેમેરા ગોઠવવામાં આવ્યા. આજે તમે રસ્તા પર નીકળો કે શોપિંગ કરવા જાવ, તમે સતત કોઈને કોઈ કેમેરાની નજરમાં જ રહો છો.

9/11 પહેલાં એક દેશમાંથી બીજા દેશમાં જવું, વિઝા મેળવવા કે સ્ટુડન્ટ વિઝા પર ભણવા જવું આજ જેટલું અઘરું નહોતું. 9/11 પછી તમામ આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે વિઝા અરજી વખતે કે એરપોર્ટ પર ફિંગરપ્રિન્ટ્સ (આંગળાના નિશાન) અને આઈરિસ સ્કેન (આંખનું સ્કેનિંગ) આપવું ફરજિયાત બન્યું છે. વિવિધ દેશોએ પોતાની સરહદો પર તપાસ અત્યંત આકરી કરી દીધી. 'ઈન્ટરપોલ' અને વૈશ્વિક સુરક્ષા એજન્સીઓ વચ્ચે ગુનાહિત ઈતિહાસ ધરાવતા લોકોનો સાર્વજનિક ડેટાબેઝ શેર થવા લાગ્યો છે.

આ ઉપરાંત, આતંકવાદી સંસ્થાઓને મળતું ફંડિંગ બંધ કરવા માટે વૈશ્વિક બેંકિંગ સિસ્ટમમાં ક્રાંતિકારી ફેરફારો કરવામાં આવ્યા છે. આજે આપણે બેંક એકાઉન્ટ ખોલાવીએ કે નવું સિમકાર્ડ લઈએ ત્યારે કેવાયસી આપવું પડે છે. આ વ્યવસ્થા 9/11 પછી ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)ના નિયમો આકરા બન્યા પછી જ વ્યાપક બનાવી દેવાયા છે. એક દેશમાંથી બીજા દેશમાં રોકડ રકમ મોકલવા કે મોટી રકમ ઉપાડવા પર કડક નજર રાખવામાં આવે છે, જેથી ટેરર ફંડિંગ અટકાવી શકાય છે.

9/11ની સૌથી મોટી અને દુ:ખદ અસર માનવ માનસિકતા પર પડી છે. સાંસ્કૃતિક અને સામાજિક માનસિકતામાં મોટો બદલાવ આવ્યો છે. આ ઘટના પછી લોકોમાં અજાણ્યા લોકો કે અમુક ચોક્કસ સમુદાયના પોશાક-દેખાવ પ્રત્યે આશંકા અને શંકાની ભાઈચારાની જગ્યાએ ઈસ્લામોફોબિયા અને 'અનસર્ટિનીટી' (અનિયમિતતા)એ લીધી છે. 'ઈફ યુ સી સમથિંગ, સે સમથિંગ' એટલે કે, જાહેર સ્થળો પર બિનવારસી વસ્તુ કે શંકાસ્પદ વ્યક્તિ દેખાય તો તરત પોલીસને જાણ કરવાની જાગૃતિ આખી દુનિયામાં ફેલાઈ ગઈ છે.

9/11ના એ કાળા દિવસે આપણી જીવવાની શૈલી અને આઝાદીની વ્યાખ્યા કાયમ માટે બદલી નાખી છે. એક સમય હતો જ્યારે મુક્તપણે રખડવું અને મુસાફરી કરવી એ આપણી દિનચર્યાનો સાહજિક ભાગ હતો, પરંતુ આજે એ જ આઝાદી મેળવવા માટે આપણે દરેક પગલે આપણી ઓળખ અને સુરક્ષાની સાબિતી આપવી પડે છે. સુરક્ષાની આ કડાકૂટ અને લાઈનોમાં ઊભા રહેવું આપણને કંટાળાજનક ચોક્કસ લાગે છે, પણ 25 વર્ષ પહેલાંની એ ભયાનક હોનારત આપણને યાદ અપાવે છે કે આજના અશાંત યુગમાં શાંતિથી જીવવા માટે સુરક્ષાના આ કડક નિયમો સ્વીકારવા જ રહ્યા. સુરક્ષા છે તો જ જીવન સુરક્ષિત છે!




